# ટ્રાફિકના અભાવે ગાંધીનગર ડેપોથી ઉપડતી ચાર વોલ્વો બસ બંધ થઈ

## ગાંધીનગર-સોમનાથ અને બરોડા ઉપરાંત અંબાજીની વોલ્વો બંધ કરી દેવાઈ : ભાડાનો દર પણ ઉંચો હતો

ગાંધીનગર, તા.૧૮

ટ્રાફિક નહીં મળવાના લીધે ગાંધીનગરથી સોમનાથની સ્પેશ્યલ વોલ્વો બસ બંધ કરી દેવાઈ છે. ગાંધીનગર ડેપોમાંથી મુસાફરોને સુવિધાસભર બસ સેવા પુરી પાડવા સવારે અને બપોરે બરોડા જવા માટે પણ વોલ્વો શરુ કરાઈ હતી. બરોડાની વોલ્વો બસ પણ બંધ કરી દેવાઈ છે.

સલામત સવારી એસ.ટી. અમારીને વધુ અસરકારક બનાવવા એસ.ટી. તંત્ર દ્વારા મુસાફરોને સમયસર અને સુવિધાયુક્ત બસ સેવા પુરી પાડવા કેટલાક રૂટોમાં વોલ્વો બસ શરુ કરવામાં આવી હતી. મુસાફરો આરામદાયક મુસાફરી કરી શકે તેમજ ખાનગી વાહનોની જોખમી મુસાફરી ન કરવી પડે તે માટે એસ.ટી. તંત્રએ જરુરી અભ્યાસના અંતે વોલ્વો બસ દોડાવવાનો નિર્ણય લીધો હતો. જયારે પ્રાયોગિક ધોરણે શરુ કરાયેલી એસ.ટી.ની વોલ્વો બસને ટ્રાફીક ન મળતો હોવાથી તંત્રને નિરસતા સાંપડી હતી. ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી પણ સોમનાથ રૂટ માટે રાત્રિના ૯ કલાકે વોલ્વો બસ શરુ કરવામાં આવી હતી આ ઉપરાંત સવારે અને બપોરે બરોડા રૂટ માટે પણ ખાસ વોલ્વો દોડાવવામાં આવતી હતી. આ ઉપરાંત અમદાવાદ થી અંબાજી રૂટ માટે પણ વોલ્વો બસ સેવા શરુ કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ વોલ્વો બસને જરુરી ટ્રાફીક ન મળતા એસ.ટી. તંત્ર દ્વારા આ ચારેય વોલ્વો બસ બંધ કરી દેવાઈ છે. મુસાફરોને વોલ્વો બસનું ભાડુ પણ પરવડે તેમ ન હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો હતો.

# સે-૩૦ સર્કલ નજીક ત્રીપલ અકસ્માતમાં બે ઘાયલ

## સે-૩૦માં વળાંક લઈ રહેલી કારને આઈશર ટ્રકે અડફેટે લીધી ને આઈશર પાછળ રિક્ષા ઘુસી ગઈ : કોઈ જાનહાની નહી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સર્કલ નજીક આજે બપોરના સદનસીબે કોઈ જાનહાની આ ત્રીપલ અકસ્માતમાં થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ આજે પાછળથી આવતી રિક્ષા આઈશર પાછળ ઘુસી જતાં રિક્ષાનો પણ ખુડદો બોલી ગયો હતો. રિક્ષામાં સવાર




અરસામાં ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. સે-૩૦ તરફ વળાંક લઈ રહેલી ફોર્ડ ફીગો ગાડીને બેફામ ગતિએ આવતી આઈશર ટ્રકે પાછળથી ટકકર મારી દીધી હતી. આઈશરની પાછળ આવતી રિક્ષા આઈશરમાં ઘુસી ગઈ હતી. રિક્ષામાં બેસેલા ડ્રાઈવર અને પેસેન્જર બંને ઘવાયા હતા. બપોરના સુમારે સે-૩૦ સર્કલથી ચ-૭ તરફ જતા માર્ગ પર એક ફોર્ડ ફીગો ગાડી લઈને ચાલક સે-૩૦ તરફ વળાંક લઈ રહ્યો હતો તે દરમિયાન પાછળથી બેફામ ગતિએ આવી રહેલી એક આઈશર ટ્રકે ફોર્ડ ફીગો ગાડને અડફેટે લઈ લેતા ગાડીને મોટું નુકશાન થયું હતું. તો બીજી તરફ મુસાફર વૃદ્ધ તથા રિક્ષા ચાલક બંને ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં બે વ્યકિતઓ ઘાયલ થયા હતા જયારે સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. તો બીજી તરફી અકસ્માતમાં કાર અને રિક્ષા બંને વાહનોને મોટું નુકશાન થવા પામ્યું હતું.

# સ્વાઈન ફલુ વકર્યો હોવા છતાં ગાંધીનગર સિવિલમાં લોલમલોલ...!

## જરૂરી સુવિધાઓના અભાવે શરદી-ખાંસી અને સ્વાઈન ફલુનાં દર્દીઓની સ્થિતિ દયનીય : મનપા નેતા મનુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોમાં દિનપ્રતિદિન ચિંતાજનક વધારો થઈ રહ્યો છે અને મૃત્યુઆંક પણ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ શરદી-ખાંસી અને સ્વાઈન ફલુના દર્દીઓની સ્થિતિ અપુરતી વ્યવસ્થા અને સુવિધાઓના અભાવે દયનીય થઈ ગઈ હોવાનો આક્ષેપ ગાંધીનગર મહાનગર પાલિકાના નેતા દ્વારા કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના દર્દીઓ માટે ઉભા કરેલા આઈસોલેશન વોર્ડમાં દર્દીઓને પુરતી સુવિધાઓ કે યોગ્ય સારવાર મળી રહેતી નથી. તે ઉપરાંત શંકાસ્પદ સ્વાઈન ફલુના કેસમાં પણ દર્દીઓની સારવારમાં કચાસ રાખવામાં આવતી હોવાની તથા યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવતી હોવાનો આક્ષેપ મહાનગર પાલિકાના નેતા મનુભાઈ પટેલે કર્યોછે. નોંધનીય બાબત છે કે ગાંધીનગરમાં એક તરફ સ્વાઈન ફલુની સ્થિતિ બેકાબુ બનતી જાય છે ત્યારે સિવિલ હોસ્પિટલની આ પ્રકારની લોલમલોલ દર્દીઓના જીવન-મૃત્યુ પર મોટો પ્રશ્ન ઉભો કરી જાય છે.

# દહેગામમાં એરંડાના ખેતરમાં યુવાનની કરપીણ હત્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર સ્થિત ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

દહેગાના ઉત્કંઠેશ્વર મહાદેવ તેમણે પોલીસ બોલાવી લીધી હતી. દહેગામ પોલીસે મૃતદેહ પાસે પહોંચી તપાસ કરતાં ખિસ્સામાંથી મોબાઈલ



એક એરંડાના ખેતરમાંથી સવારે પાણી વાળવા ગયેલા ખેતમજૂરને એક યુવાનનો હત્યા કરી દેવાયેલી હાલતમાં મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી છે. દહેગામ પોલીસને હત્યાની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતાં સાબરકાંઠાના મેઘરજ વિસ્તારના એક ગામના યુવાનનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું છે. પ્રેમપ્રકરણમાં આ હત્યા થઈ હોવાની પોલીસને આશંકા છે.પોલીસે હત્યાનો રોડ પર સ્થિત મધુવન બંગ્લોઝની પાછળ પીન્ટુભાઈ ઊર્ફે શશિકાન્તભાઈ ગોવિંદભાઈ અમીનનું ખેતર આવેલું છે. તેમનો ભાગીયો રમેશભાઈ ઠાકોર એરંડાના ખેતરમાં આજે સવારે પાણી વાળવા ગયો હતો ત્યારે એક અજાણ્યા યુવાનનો ગળાના ભાગે તથા બોચીના ભાગે તિક્ષ્ણ હથિયારથી ઘા મારીને હત્યા કરેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતો. ભાગિયાએ પીન્ટુભાઈને જાણ કરતાં અને ઓળખકાર્ડ મળતા સાબરકાંઠાના મેઘરજ તાલુકામાં સ્થિત વાંઠ ગામનો ૩૦ વર્ષિય સતીષ નથ્થુભાઈ ભાંભીનો મૃતદેહ હોવાનું ખુલ્યું હતું. પોલીસે તેના પરિવારજનોને જાણ કરી મૃતદેહ પી.એમ. કરાવી હત્યાનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. આ રહસ્યમય હત્યા પાછળ પ્રેમ પ્રકરણ હોવાની આશંકા પોલીસે પ્રાથમિક તપાસ બાદ વ્યક્ત કરી છે.

## ચ-૩ ગ્રાઉન્ડ પર યોજાયેલ ક્રિકેટમેચના પરિણામ

શહેરના ચ-૩ ગ્રાઉન્ડ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટસ ઓપન ચેમ્પિયનશીપ ગેમ્સ ફેસ્ટિવલ યોજવામાં આવ્યો છે. ટુર્નામેન્ટના ચોથા દિવસે પુરુષ ક્રિકેટ મેચ સિકસટીન રોકર્સ અને શ્રીડી ઈલેવન વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાંથી ડી ઈલેવન વિજેતા બની હતી. તેમજ કાશીનાથ ટીમ સામે એચ.એમ. ટી.સી. કાલાનાગ ટીમ સામે યુવરાજ ઈલેવન રોકર્સ ટીમ અને ડેવિલ ઈલેવન અને ઈન્ફોસિટી સામે ગુજરાત સ્ટ્રાઈકર્સ ટીમ વિજેતા બની હતી.

# વિદ્યાભારતી અધ્યયન કેન્દ્રમાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર, સેકટર-૨૨ની વિદ્યાભારતી, અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત શ્રી સરસ્વતી શિશુ વાટિકા તથા પ્રાથમિક વિદ્યામંદિરમાં ૧૪ ફેબ્રુઆરી શનિવારના રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મીનીદોડ, વિધ્નદોડ, લીંબુ ચમચી, રૂમાલજીત, લાંબી દોડ, ઉંધી દોડ. જોડી દોડ, સંગીત ખુરશી, દડો ફેંક રમતો યોજાઈ હતી. મુખ્ય અતિથિ તરીકે લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. સંતોષબેન શર્માએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. રમતમાં ભાગ લેનાર દરેક બાળકને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જસ્મીનબેન રાંકે સંભાળ્યું હતું.



## કુટુંબ નિયોજનના મહત્વ પર વ્યાખ્યાન આપ્યું

દેશમાં વસ્તીનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે ત્યારે ચૌધરી મહિલા કોલેજમાં કુટુંબ નિયોજનનું મહત્વ અને જાણકારી વિષય પર ડૉ. વિદ્યાબેન ચૌહાણનું વ્યાખ્યાન યોજાયું હતું. આજની કન્યા આવતી કાલે માતા બનશે. વિદ્યાર્થીનીઓને કુટુંબ નિયોજન અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ અને ડોકટરે સવાલોની આપ લે કરી ઉંડાણ પૂર્વકની માહિતી આપી હતી.

# ગરીબ દીકરીના લગ્ન કરાવનાર સંસ્થાને દાપુ લેવા આવનાર માસીબાએ ૧૧ હજારનુ દાન આપ્યુ

ગાંધીનગર, તા. ૧૮

લગ્ન પ્રસંગ હોય કે અન્ય કોઈ શુભ પ્રસંગ માસીબા તરીકે ઓળખાતા કિન્નરો પોતાનો હક એટલે કે દાપુ લેવા અચુક પ્રસંગના સ્થળે પહોંચી જાય છે અને નાની-મોટી રકમ લઈ આશીર્વાદ આપી જતા રહે છે. માણસા ખાતે યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં આવી જ રીતે દાપુ લેવા પહોંચેલા માસીબા મીનાદે એ વાત જાણીને ખુશ થઈ ગયા હતા કે આ લગ્ન એક સંસ્થા કરાવી રહી છે અને ગરીબ દીકરીને સાસરે વળાવવાનુ પુણ્ય મેળવી રહી છે. મીનાદેએ દાપુ મેળવવાના સ્થાને આ સંસ્થા વિધ્નેશ્વરી ટ્રસ્ટને તુરંત જ રૂ. ૧૧ હજારનું દાન આપ્યું હતું. અને નવદંપતિને પણ રૂ. ૫૦૧ નો ચાંદલો કરી અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

આપણા માનસપટ પર મોટાભાગે એવી છાપ છે કે માસીબા તરીકે ઓળખાતા કિન્નરો પોતાનુ ધાર્યુ દાપુ મેળવવા જાતભાતના ત્રાગા કરે છે. અને લોકો પણ તેમનાથી જાણે છુટકારો મેળવવા મોટાભાગે તેમણે માંગેલી રકમ આપી દે છે. ઘરે કોઈ શુભપ્રસંગ હોય કે ઘરે બાળક જન્મ્યુ હોય માસીબા દાપુ લેવા અચુક પહોંચી જાય છે. તેમની સાથેના અનુભવો બહુ સારા નથી હોતા જો કે માણસાના મીનાદેએ કિન્નરો વિશેની જાતભાતની વાતોને ખોટી પુરવાર કરી તેમના હૃદયમાં પણ માનવતા વસે છે તેનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. વાત એવી છે કે ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી દિનેશભાઈ વ્યાસ મિત્રોના સહયોગથી વિધ્નેસ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ નામની સંસ્થા ચલાવે છે અને ગરીબ દીકરીઓના લગ્ન કરાવા સહિતની સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. ટ્રસ્ટ દ્વારા આવી જ એક માણસાની દીકરીના લગ્ન નજીકમાં જ આનંદીમાના વડલે યોજવામાં આવ્યા હતા. મંડપ, ચોરી, ભોજન અને ચા-નાસ્તા સહિતની તમામ વ્યવસ્થા આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. લગ્ન પ્રસંગ યોજાઈ રહ્યા છે તેવુ જાણી માસીબા મીનાદે દાપુ લેવા પહોંચી ગયા હતા. અહીં પહોંચ્યા પછી તેમને જાણ થઈ હતી કે લગ્ન ગરીબ દીકરીના છે. અને તેનું આયોજન વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. આ વાત જાણી તેઓ ખુશ થયા હતા અને આ સામાજિક કાર્યમાં સહયોગી બનવા દાપુ લેવાના સ્થાને તુરંત ટ્રસ્ટને ૧૧ હજારનું દાન આપ્યું હતું. એટલુ જ નહી વર-કન્યા બંનેને રૂ. ૫૦૧-૫૦૧ નો ચાંદલો કરી ખુબ આશિર્વાદ આપ્યા હતા. ગુજરાતમાં આવો કદાચ પહેલો બનાવ હશે કે જેમાં કિન્નર સમાજે લગ્ન પ્રસંગે દાન કર્યું હોય.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૧**
**સૂર્યાસ્ત : ૬.૩૯**

## તાપમાન

**મહત્તમ : ૩૪.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૮.૪ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૮૨ ટકા ● સાંજે ૩૦ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨ :**
રોય : ૧૨.૦૦, ૯.૦૦
બેબી : ૩.૦૦, ૬.૦૦
**સ્ક્રીન-૩ :**
એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**
રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૩ :**
રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪ :**
એમ.એસ.જી : ૧૨.૩૫
મીતવા(મરાઠી) : ૪.૦૦
ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦
બેબી : ૧૦.૦૦
**સ્ક્રીન-૫ :**
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૩.૪૫
ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૫ :**
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧૨.૪૫
બેબી : ૧૦.૦૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦
ષમિતાભ : ૨.૪૦
એમ.એસ.જી : ૫.૫૦
**સ્ક્રીન-૨ :**
રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦
**સ્ક્રીન-૩ :**
એમ.એસ.જી : ૮.૪૦,
રોય : ૧૨.૧૦, ૩.૨૦
બેબી : ૬.૩૦
ષમિતાભ : ૯.૪૫
**સ્ક્રીન-૪ :**
એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટુલ કાર્યનો ઉકેલ આવી શકે.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે.

**કન્યા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે.

**વૃશ્ચિક** : સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**ધન** : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છએ. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. જમીન, મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ.

## ચિરવિદાય

- સ્વ.કામીનીબેન જયેશભાઇ પટેલ (ઉ.વ.૪૨) મુ. અડાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર શાંતાબેન આદરજી (ઉ.વ.૮૫) મુ. ચાંદીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર